Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-5, Issue-2, Continuous Issue-31, May - June 2025

# સાગરકથાનાપ્રત્યક્ષદર્શી સર્જક : 'સુકાની'

-મેહુલ ડી. પટેલ

સુકાની ઉપનામધારી સર્જક ચંન્દ્રશંકર અમૃતલાલ બૂચનો કાર્યકાળ / જીવનકાળ ૨૫-૦૯-૧૮૯૬ થી ૨૨-૦૯-૧૯૫૮. ૬૨ વર્ષના આયુષ્યકાળ દરમિયાન 'દેવો ધાધલ'(૧૯૬૩) નામે નવલકથા, 'સોનારપસા', 'ભૂતિયું વહાણ', 'હડકીવારી આઇ' 'સાગવાનનું હૈયું', 'આઝાદ- અરમાર',' નાખવાનું ખમીર', ' બેલીનો સાદ' જેવી વાર્તાઓ – સાગરકથાઓ, 'દરિયાનો દાનવ' અને 'ધુડાકિયો બાણ' જેવી લઘુનવલ (એ પણ સાગરકથાઓ) અને વહાણવટા અને ચરિત્રનાં અસંખ્ય લેખો આપનાર, 'કુમાર' અને 'વીસમી સદી' ના આજીવન લેખકને, એમની સવા શતાબ્દી જેટલા઼ સમયે પણ અનુભવ સિધ્ધ સુકાનીના સાહિત્યને વાચક કેમ ભૂલી શકે ?

મૂળ સૌરાષ્ટ્રના ધ્રોળ ગામના પરંતુ પાંચ-છ પેઢીથી કચ્છ આવીને માંડવી અને મુંદરા નગરમાં વસતા થયેલા વડનગરા નાગર જ્ઞાતિના કુટુંબમાં ચન્દ્રશંકર બૂચનો જન્મ થયો હતો. વિક્રમ સંવત ૧૯૫૨, ભાદરવા વદ ત્રીજ અને શુક્રવાર એટલે કે ૨૫મી સપ્ટેમ્બર ૧૮૯૬ એમની જન્મતિથિ. મિત્રવર્તુળમાં ચંદ્રકાન્ત નામથી તો સગાં સ્નેહીઓમાં ચંદુભાઈ તરીકે તેઓ ઓળખાતા હતા.

પિતાનું નામ અમૃતલાલ અને માતા દુર્લભકુંવર. કચ્છના અંજાર શહેરનું જાણીતું છાયા કુટુંબ એ એમનું મોસાળ. પિતા અમૃતલાલ ઈબજી શિવજી પેઢીમાં મુનિમ હતા, એમના દાદા જટાશંકર વહાણે ચઢેલા. એ પરંપરાનું સંધાન પછીથી ચન્દ્રશંકર અને તેમના બે પુત્રોની જહાજી અફસરગીરીથી થઈ ગયું. ચન્દ્રશંકરે ભારે જુસ્સાથી કહેલું છે કે : "ધરિયો તો, જુસાં, ચાર પેઢીથી અમારાં ફ્ળમાં છે."(૧)

જહાજી દુનિયામાં અઢારેય વર્ણનાં લોકો વસે. એમની વચ્ચે પોતાના નાગરી સંસ્કાર જાળવી રાખવા દાદા એક ગુણી ઘઉં, એક ઘંટી અને એક ગાય પોતાની સાથે સફરમાં રાખીને આફ્રિકા ગયેલા. પિતાની બુદ્ધિમત્તા અને સૌમ્યતા તથા માતાની તેજસ્વીતા અને સ્પષ્ટ વકૃત્વ જેવા ગુણોનો વારસો ચન્દ્રશંકરને મળેલો. એ વારસો ચન્દ્રશંકરે સચ્ચાઈ, કાર્યદક્ષતા અને નિર્ભયતા જેવા સ્વકીય ગુણોથી દીપાવ્યો.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ એમણે મુંબઈમાં સેન્ટ ઝેવિયર્સ કૉલેજ અને સંસ્કૃત વિષય સાથે ઈ.સ. ૧૯૧૮ માં બી.એ. (ઓનર્સ, બીજે જ વરસે ઈ.સ. ૧૯૧૯ માં એ જ કૉલેજમાં- પહેલાં ફેલો અને પછી અધ્યાપક નિમાયા. આ દરમિયાન ઈ.સ. ૧૯૧૪ થી ૧૯૧૯ માં ફોર્ટ હાઈસ્કૂલમાં સંસ્કૃતના મદદનીશ શિક્ષક તરીકે અને 'શ્રીમદ્ ભગવદ્ગીતા સંસ્કૃત પાઠશાળા' માં સંસ્કૃતના માનાર્હ અધ્યાપક તરીકે કામ કર્યું. આ પાઠશાળામાં શાસ્ત્રી નરહરિ વિષ્ણુ ગોડસેની દોરવણી પ્રાપ્ત થઈ. ૧૧ મી મે ૧૯૧૧ ના રોજ એટલે કે ૧૫ વર્ષની વયે ચન્દ્રશંકરનું લગ્ન કચ્છના સંસ્કારી અને સમૃદ્ધ માંકડ કુટુંબની કન્યા પ્રતાપગૌરી સાથે થયું.

મિત્રો અને સ્નેહીઓને પ્રેમથી ભીંજવી નાખતા ચંદુભાઈનો કુટુંબપ્રેમ અગાધ હતો. એને યાદ કરીને એમનાં મોટાં પુત્રી સરસ્વતી અહોભાવપૂર્વક લખે છે : "આજે એમ લાગે છે કે મહાભારતનું અક્ષયપાત્ર જો મનુષ્યદેહ ધરત તો એમના જેવી મનોવૃત્તિ હોત !"(૨)

સંતાનોના ઉછેરની ખેવના પણ એમણે પૂરેપૂરી રાખી, ખાસ કરીને એમના શૈક્ષણિક ઘડતર અને કારકિર્દીની બાબતમાં. વિશુદ્ધ વિદ્યાના ઉપાસક ચન્દ્રશંકર, જોકે, અવારનવાર કહેતા ખરા કે 'અભ્યાસની બાબતમાં પણ બૂચ કુટુંબોમાં છોકરાઓ ગ્રેજ્યુએટ ઓછા.' એમનાં સંતાનોએ મેટ્રિક પછી ટેકનિકલ અભ્યાસ જ પસંદ કર્યો. પુત્રીઓને પણ એમણે હોશથી ભણાવી.

ચન્દ્રશંકરનું કુટુંબ બહોળું હતું, છ પુત્રીઓ અને બે પુત્રો ઉપરાંત એમના વડીલ બંધુ હરિપ્રસાદ ઘરભંગ થતાં એમના મોટા પુત્ર શશિકાન્તને પણ ચંદુભાઈએ પોતાના પહેલા પુત્ર તરીકે જ ઉછેરીને મોટા કર્યા હતા. બધાં સંતાનોના આંતરપ્રાતીય અને દેશીય લગ્નસંબંધોથી એમનું આ કુટુંબ 'વિવિધ ભારતી' ના નિદર્શનરૂપ બની ગયેલું એમ કહેવાયું.

આ અંગે તેમનાં પુત્રી સરસ્વતી નિત્યાનંદ આ સંશોધક પરના પત્રમાં લખે છે: ''An important aspect of his personality was his deep scholarship and love of education, which were fostered in his daughters. 2 had masters degrees, one - Ph.D in microbiology (Dr Satyavati Sirsat). On daughter passed IFS exam, but did not take up the career ! The next generation (his grandchildren) has 5 Ph.D's and DM neurology.

I may be mentioned that : Dr Satyavati Sirsat was the first person to introduce electron microscopy in India. Shrimati Buch, his third daughter, was one of the first women to pass the IFS, in 1947. Though she was disqualified on medical grounds. His youngest daughter was vice president of the Indian Council of Child Welfare, Karnataka. She had also translated some of this stories in to English, from Kumar.

Two of his 3 sons followed his interest in shipping and went in to Merchant Navy. His youngest son was a naturalist and contributed a column to 'Hindu' on wildlife (Siddhartha C. Buch). A feature of the family structure- were inter-state marriages-five in Tamil Nadu, 1 Maharashtra, 1 Karnataka, Mangalore, USA, etc. ''

સેન્ટ ઝેવિયર્સ કૉલેજના પાંચેક વર્ષનાં કાર્યકાળ દરમિયાન ચન્દ્રશંકરને સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપનીના શેઠ નરોત્તમ મોરારજી ગોકળદાસનો સંપર્ક થયેલો. ચન્દ્રશંકરની વિદ્વતપ્રતિભા, ભાવનાશીલતા અને વિશેષ તો પૂર્વજના સાગરસંબંધજન્ય ખમીરથી તેઓ આકર્ષાયા અને તેમને પોતાની કંપનીમાં જોડાવાનું ઈજન આપ્યું. એ રીતે ઈ.સ. ૧૯૨૩ માં વાણિજય વહાણવટાના સંચાલન સાથે જોડાયા અને કરાંચી, રંગૂન, પૂર્વ બંગાળ સુધી એમને કામ કરવાનું આવ્યું. આફ્રિકાથી હોંગકોંગ સુધીનો દરિયાકિનારો તેમણે ખૂંધો હતો. ચન્દ્રશંકરના જીવનને આ રીતે એક જુદી દિશા સાંપડી.

એમણે બહુવિધ હોદ્દાઓ સંભાળ્યા. લોકસંપર્ક અને પ્રકાશન અધિકારીની જવાબદારી પણ સંભાળી. ઈ.સ. ૧૯૪૩ માં સંધિયાની સાથીદાર પેઢી બોમ્બે સ્ટીમ નેવિગેશન કંપનીમાં સંયુકત મહાપ્રબંધક અને પછી મહાપ્રબંધકના હોદ્દે રહ્યા. ૧૯૫૨ માં સંધિયા સ્ટીમ નેવિગેશન કંપનીમાંથી જોઈન્ટ જનરલ મેનેજરપદેથી નિવૃત્ત થયા. એ પછી તરત કેન્દ્ર સરકારે એના પરિવહન મંત્રાલયમાં જહાજી વિભાગના નાયબ મહાનિદેશક તરીકે એમની નિમણૂંક કરી. ૧૯૫૬ ના જુલાઈમાં જહાજોના નૂરની વિચારણા અંગેની સંયુક્ત રાષ્ટ્રોની 'ઈકાફે' સંસ્થાના અને ઓગસ્ટમાં ભારત સરકારના ઈસ્ટર્ન શિપિંગ કોર્પોરેશનના સલાહકાર નિમાયા. ઓકટોબરમાં વાણિજય મંત્રાલયમાં 'ખાસ ફરજ પરના અધિકારી' નિમાયા. ૧૯૫૮ માં એમણે સંપૂર્ણ નિવૃત્તિ લીધી.

આ નૂતન દિશા માત્ર નોકરી પૂરતી મર્યાદિત ન રહેતાં એણે ચન્દ્રશંકર માટે નવું વિદ્યાકીય ક્ષેત્ર પણ ખોલી આપ્યું. એમણે કરેલા વહાણવટાના ઊંડા અભ્યાસના પરિપાકરૂપ લેખ 'પચ્છમ કંઠારના પ્રાચીન વહાણો' 'કુમાર' ના ૧૪૧ મા અંકમાં પ્રગટ થયેલ. કચ્છી વિદ્વાન પ્રભાશંકર ફડકે નોંધે છે :"એ બૃહદ્ અભ્યાસલેખમાં પ્રાચીન હિંદની જહાજી તવારીખમાં એક તરફ આપણાં બખ્તાવર વહાણોએ સર્જેલી રોમાંચક ગૌરવગાથા તો બીજી તરફ એ જ વહાણવટાની આજની ગદ્ગદ્ કરી દે તેવી કરુણ અવદશાને રૂંવાં ઊભા કરે એવી બાનીમાં ચચરતા હૃદયે આલેખી છે.(૩)

ચન્દ્રશંકરે વહાણવટાને લગતી સમસ્યાઓનો ઊંડો અભ્યાસ કર્યો અને એ ક્ષેત્રે ભારતને માનભર્યું સ્થાન અપાવવા કમર કસી. 'ગ્રંથાગાર' માં એમના આ કાર્યની નોંધ આ પ્રમાણે લેવાઈ છે : "નૌકાયાન અને નૌ—વિદ્યા વિષે છેક પ્રાચીન ભારતના વેદકાળથી માંડીને વીસમી સદીના પશ્ચિમના દેશોના અદ્યતન વિકાસ પર્યંતના સર્વ તબક્કાઓના અભ્યાસને એમણે ચરમ સીમાએ પહોંચાડેલો"(૪)

ચન્દ્રશંકરનું ગ્રંથાલય વેદ, ભાષ્ય, વ્યાકરણ, ઉપનિષદ, કાલિદાસ, ભવભૂતિના ગ્રંથોથી સમૃદ્ધ હતું. એ ગ્રંથોનું સેવન કરીને જુદા જુદા ગ્રંથોમાં પ્રયોજાયેલા શબ્દો, એમાંનો અર્થફેર, એનાં કારણો—એની પાછળની વૈયાકરણી કે તાર્કિક, એવી ચોક્કસ પ્રણાલી ઉકેલવાની જિજ્ઞાસા એમને પ્રવૃત્ત

રાખતી. એમની તોલે બીજો કોઈ વિદ્વાન ભાગ્યે જ આવે એવી એમની પ્રતિષ્ઠા બની. ડૉ. રાધાકુમુદ મુખર્જી જેવા વિદ્વાનનું જ્ઞાન પણ માત્ર પ્રાચીન પ્રમાણોને સંશોધનો આદિ પૂરતું જ મર્યાદિત હતું, જયારે ચન્દ્રશંકર તો પ્રાચીન-અર્વાચીન નૌકાયાનના એવા અધિકારી જ્ઞાતા હતા કે ભારત સરકારમાં એમનો જ બોલ વજનદાર ગણાતો. આ પ્રકારની કામગીરી માટે એમણે બ્રહ્મદેશ, પૂર્વબંગાળ, ગોપાલપુર, સિલોન, ઈન્ડોનેશિયા આદિ દેશોનો પ્રવાસ કર્યો. સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં પણ વ્યાપારી વહાણવટા (સેઈલિંગ શિપ્સ) બાબત એમનો અભિપ્રાય પ્રમાણભૂત ગણાતો. નિવૃત્તિ પછી પણ દીર્ઘકાળ પર્યંત આ વિષયમાં રાષ્ટ્રીય- આંતરરાષ્ટ્રીય સ્તરે એમની સેવાઓ લેવાતી રહી. અંગ્રેજ હકૂમતે અને ભારત સરકારે પણ જવાબદારીવાળાં અનેક પદો પર એમની નિમણૂંક કરી હતી.

ચન્દ્રશંકરે અનેક સંસ્થાકીય પ્રવૃત્તિમાં પણ રસ લીધો હતો : કરાંચીની ગુજરાત એજ્યુકેશન સોસાયટી, ત્યાંના ગુજરાતી વિદ્યાલય અને મહિલા વિદ્યાલય તથા ચટગાંવની પથરઘાટા ગર્લ્સ સ્કૂલ અને ખાસ્તગીર ગર્લ્સ સ્કૂલ સાથે એક યા બીજી રીતે સંકળાયેલા હતા. તો રોયલ ઈકોનોમિક સોસાયટી, થીઓસોફિકલ સોસાયટી, હાફ્લ્યૂટ સોસાયટી, નેવી ગેઈજ જેવી સંસ્થાઓના સભ્ય હોવા ઉપરાંત મુંબઈના જસ્ટિસ ઓફ ધ પીસ અને પ્રેસિડેન્સી મેજિસ્ટ્રેટ તરીકે પણ તેઓ રહ્યા હતા.

'સુકાની' તખલ્લુસ તો એમણે આ પહેલાં, એટલે કે ઈ.સ. ૧૯૧૪ માં ધારણ કરી લીધેલું. એ અંગે 'કુમાર' માસિકના આદ્યતંત્રી રવિશંકર રાવળે નોધ્યું છેઃ '૧૯૧૪ માં હાજી મહંમદ શિવજી 'વીસમી સદી' (સામયિક) નું જહાજ ભરતોફાનમાં ગુજરાતી સંસ્કાર કાજે હંકારી રહ્યા હતા. તે વખતે તેમની સાથે એ પ્રવાસ ખેડનાર, ગુજરાતનું ગૌરવ ગાનારા થોડા થોડા તમન્નાભર્યા યુવાનોમાં ભાઈ ચન્દ્રશંકર બૂચ પણ હતા. સાગરસાહસનો શોખ એ વખતે તેમના હૃદયમાં ઊંડે ઊંડ ધરબાયો હશે કે ગમે તે કારણે તેમણે તે વખતથી પોતાનું તખલ્લુસ 'સુકાની' પસંદ કર્યું હતું - એમ યાદ છે.' (૫)

હાજી મહમ્મદને ત્યાં જામતી સાહિત્ય મહેફિલમાં રવિશંકર રાવળ, જીવરામ અજરામર ગોર, 'મસ્ત ફકીર', 'ઈન્સાન' વગેરે સાથે એમની અવિરામ સાહિત્ય ગોષ્ઠિ થતી રહેતી. એમાં 'સુકાની' અંગ્રેજી અને સંસ્કૃત કાવ્યરસની રસલહાણ કરાવતા અને હાજી તથા સુકાની, આ બે કચ્છી-માડુ વચ્ચે કચ્છી વાણીમાં વાતોની હેલી વરસતી.

'સુકાની'ની અભ્યાસુવૃત્તિ અને વિશાળ વાચનના પરિપાકરૂપ અભ્યાસ લેખો પણ એમના કૉલેજકાળથી જ 'વીસમી સદી' માં પ્રગટ થતા રહેલા. 'ગુજરાતનો નાથ' માં મંજરીના મુખમાં મુકાયેલા સંસ્કૃત શ્લોકોના રચયિતા પણ ચન્દ્રશંકર. એમનામાં રહેલી કવિત્વશકિત અને એમના સંસ્કૃત ભાષા પ્રભુત્વનું એ પ્રમાણ છે.

જુદા વ્યવસાયમાં જોડાયા પછી પણ ચન્દ્રશંકરની સાહિત્ય પ્રવૃત્તિ તો ચાલુ જ રહી. સૂરતથી બટુભાઈ ઉમરવાડિયા, વિજયરાજ વૈદ્ય અને જયોત્સ્ના બહેન શુકલ એ શરૂ કરેલા 'ચેતન' માસિકમાં એ તંત્રી તરીકે પણ જોડાયેલા, તો કંપનીની કરાંચી ખાતેની શાખામાં મદદનીશ મેનેજર તરીકે જોડાયા પછી ડૉલરરાય માંકડ સાથે રહીને 'નાગરિક' નામના ત્રૈમાસિકનું પ્રકાશન પણ કર્યું. એ અંગે કહેવાયું છે : "એમાં એમણે એમની સાહિત્યરસિકતા અને સંશોધન પ્રિયતાની પ્રતીતિ કરાવી છે.'(૬)

એ સામયિકમાં એમનાં માનનીય લખાણ, વેદ-ઉપનિષદના અભ્યાસના નીચોડરૂપ લેખો તથા અનુવાદો પ્રસિદ્ધ થયેલા છે. 'રુદ્ર, શિવ અને લિંગ સંપ્રદાય' (૧૯૨૯) પૌરાણિક- ઐતિહાસિક સંશોધનાત્મક નિબંધ એમણે આપેલ છે તો રુદ્રાધ્યાય' (૧૯૨૯) ડૉલરરાય માંકડ સાથે કરેલ સટીક અનુવાદ-સંપાદન છે.

ઈ.સ. ૧૯૨૯ માં સુકાની' સિંધિયા કંપનીના વ્યાપારી વહીવટમાં જોડાયા એ કાળે સિંધમાં ગણિકાઓની સ્થિતિ સુધારણા માટે એક કાયદો ઘડાયો હતો. એ માટેની સમિતિમાં 'સુકાની' ની પણ નિમણૂંક થયેલી. સિંધમાં ગણિકાઓની સ્થિતિ જોઇને ‘કોકની બહેન’ નામે નાટક રચ્યું જે ‘નવચેતન’ માં પ્રગટ થયેલું. આ નાટક 'સુકાની' ની સામાજિક નિસબતની માહિતી પણ એ પૂરી પાડે છે.

'સુકાની'નું ઐતિહાસિક અર્પણ તો છે એમની સાહસકથાઓ. આ સાહસકથાઓમાં એમણે દરિયાઈ સાહસોની કથાઓ કહી છે. એનું નોંધપાત્ર પાસું એ છે કે આ કથાઓને એમનાં પ્રત્યક્ષ સાગર નિરિક્ષણ અને અનુભવનો પૂરેપૂરો લાભ મળ્યો છે, જેની નોંધ આ પ્રમાણે લેવાઈ છે : '"(સુકાની)" ' સમંદરની સાગરગાથાઓને, સાગરખેડૂઓની સંવેદનાઓને તેમના જોખમી જીવનની વાસ્તવિકતાને

અક્ષરદેહ આપી, તળપદી માલમી ભાષાનો ગુજરાતી વાચકોને આસ્વાદ કરાવતા જઈ સાહિત્યક્ષેત્રે સાગરકથાઓનું વિરલ પ્રદાન કરનાર છે. (૭)

રંગૂન-બંગાળની કામગીરી દરમિયાન બંગાળી સમાજ, આંદામાન ટાપુઓ અને ખાસ તો બંગાળના ઉપસાગરના રમ્યરૌદ્ર મિજાજનો પરિચય 'સુકાની' ને થયો. એના ફળ સ્વરૂપે 'હડકી વારી આઈ' અને 'ધુડાડિયો બાણ' જેવી કૃતિઓ લખાઈ. તો ૧૯૪૭ માં જવાબદારીભરી વ્યાવસાયિક કામગીરી બજાવતાં એમણે 'સાગવાનનું હૈયુ' કૃતિ રચી. તો નિવૃત્તિ પછી દિલ્હીમાં વહાણવટાને લગતી કામગીરી સંભાળનાર 'સુકાની' આખા ભારતીય કિનારા પરના દેશી વહાણો અને એની આપવીતી–પરવીતીના બનાવોમાંથી ત્રણેક બનાવોને ગૂંથીને 'નાખવાનું ખમીર' નામની વાર્તા આપે છે.

'કુમાર' ના તત્કાલીન તંત્રી રવિશંકર રાવળે નોંધ્યું છે તેમ, "પ્રમાણભૂત ને દિલચશ્પ સાગરકથાઓ માત્ર એ 'કુમાર' ને જ આપતા". ઈ.સ. ૧૯૫૬-૫૭ માં એમણે 'કુમાર' માં ધારાવાહી સ્વરૂપે 'દેવો ધાધલ' નામની કથા લખી. એમાં જળવાયેલી શાસ્ત્રીયતા અને ગુજરાતી વહાણવટાનો ઈતિહાસ 'સુકાની'ની અભ્યાસ નિષ્ઠાનો પરિચય કરાવે છે તો 'બેલીનો સાદ', 'આઝાદ-અરમાર' અને 'ભૂતિયું વહાણ' જેવી વાર્તાઓ સાગરકોમના માનસ અને જીવન વિશેની તેમની જાણકારી દર્શાવે છે. એમની આ અનન્ય સાહિત્ય સેવા માટે ઈ.સ. ૧૯૫૬ નો 'કુમાર' ચંદ્રક એનાયત થયો.

સાગરકોમનાં જીવનના જટિલ પ્રશ્નો ઉકેલવામાં પણ 'સુકાની' એ સક્રિય રસ લીધો હતો. એ માટે જરૂર પડયે એ એમના ઘરઉંબરે પણ ગયા હતા. આ અંગે સાગર કોમ કલ્યાણ પ્રવૃત્તિને સંગઠિત રૂપ આપનાર કચ્છ નાવિક મંડળના પ્રમુખ, જાણીતા વાર્તાલેખક ડૉ. જયંત ખત્રી તેમના પરના એક પત્રમાં લખે છે : "આટલા વરસોમાં પહેલી વાર એક સરકારી અફસરે લોકોનો આટલો નિકટ સંપર્ક સાધ્યો હોય, તેમનો વિશ્વાસ જીત્યો હોય અને તેમની લાગણીમાં સ્થાન પામ્યા હોય તો એક તમે જ છો. આ હકીકતને પત્રમાં મૂકતાં મને ક્ષોભ થાય છે. કદાચ તમે આ હકીકતને લૂખી સભ્યતાનો અતિરેક માનો પણ હું નરી સભ્યતા ખાતર નથી લખતો. અહીંના લોકોની લાગણી વ્યકત કરવા લખું છું.' (૮)

કચ્છ માંડવીના સાગરથી આરંભાયેલી 'દેવો ધાધલ' કથા લખનાર 'સુકાની' હિંદી મહાસાગરમાં જાપાની સબમરીન તથા વિનાશિકાઓનો ભોગ બનેલા કચ્છ માંડવીના ભડાલા તથા ખારવા ખલાસીઓ માટે નાશ પામેલાં તેમનાં વહાણો માટે અને ઈન્ડોનેશિયા, બર્મા અને મલાયાની જેલોમાં વર્ષો વિતાવી કચ્છ પાછા આવનાર આમાંના કેટલાક ખલાસીઓ માટે 'કચ્છ ખલાસી મંડળ'- એ સરકાર પાસે વળતર માંગલું. ભારત સરકારે એ જવાબદારી બ્રિટીશ સરકાર ઉપર નાંખેલી. આ પ્રશ્ન આંતરરાષ્ટ્રીય સંસ્થાન સમિતિ સુધી પહોંચેલો. એમાં 'સુકાની' સહાયભૂત થયા હતાં. પશ્ચિમ કંઠારના અનેક નિરાધાર ખલાસીઓના દુઃખને વાચા આપવા માટે પણ એમણે સફળ પુરુષાર્થ કર્યો હતો.

ઈ.સ. ૧૯૩૦ ની આઝાદીની લડતમાં સક્રિય સાથ આપવા બાબત કરાંચીની વેપારી જનતામાં મનભેદ ઊભો થયો હતો. એમાં પણ એમણે માર્ગદર્શન આપ્યું હતું. તો ઈ.સ. ૧૯૩૩ માં પરદેશી વહાણવટા પેઢીઓએ દરિયાઈ નૂરનો વિગ્રહ કરીને હિંદી વહાણવટા પેઢીઓને નબળી પાડવા અને હિંદકાંઠાનો વ્યાપાર એકહથ્થુ રાખવા ઝુંબેશ આદરેલી તેમાં તેમણે વેપારીઓના સહકારથી આંદોલન ઊભું કર્યું હતું.

'સુકાની' ને હૃદયરોગના હુમલાનો બબ્બે વાર સામનો કરવો પડેલો. છેવટે બારમી ઓગસ્ટ ૧૯૫૮ ના રોજ મદ્રાસ- અધારમાં પોતાને ઘેર શેષ નિવૃત્તિકાળ ગાળવા ગયેલા. ત્યાં પોતાના શાન્ત આવાસમાં અને ત્યાંના ગ્રંથાલયમાં બેસીને ભારતના વહાણવટા વિશે વિસ્તૃત સંશોધન કરવાની મહેચ્છા એમણે સેવી હતી. એ મહેચ્છા 'કુમાર' ના તંત્રી પરના પત્રમાં એમણે વ્યકત કરેલી છે : "બીજું ખાસ લખવાનું કે 'પ્રાચીન ભારતીય વહાણવટું' શરૂ કર્યું છે અને ૪૭ પાના લખાઈ પણ ગયા છે પરંતુ એના વાકયે વાકયે References જોઈએ એમ છે અને એ પુસ્તકો એશિયારિકમાંથી બહાર લઈ જઈ શકાય એવાં નથી. પરિણામે 'નિવૃત' થયે અધ્યાર લાઈબ્રેરીની ઉપાસનામાં વિશેષ ઉપાસ્ય તે આ ન્હાનકડું પણ નવલ પુસ્તક પૂરૂ કરવાનું કાર્ય રહેશે. લાગે છે કે એ તો આવતા જાનેવારીથી કદાચ શરૂ થાય અને બારેક મહિના ચાલે. સુડતાલિસેક પાનાં લખાઈ ગયાં છે એટલે કંઈ નહિ હોય 'આરબ્ધસ્ય અન્તગમનમ્' એ સૂત્ર ખાતર જ હવે તો ધારેલા બંદર તરફ હંકાર્યે રાખવું પડશે.'(૯)

'સુકાની'નું ૨૨ મી સપ્ટેમ્બર ૧૯૫૮ ના રોજ ૬૨ વર્ષની વયે અવસાન થયું.

આ રીતે 'સુકાની' ની દરિયાઈ સાહસ કથાઓ, વહાણવટાનો એમનો ઊંડો શાસ્ત્રીય અભ્યાસ, સાગરકોમના જીવનમાં એમનો રસ ધ્યાનમાં લેતાં એમને અંજલિ આપતાં ગુણવંતરાય આચાર્યે યોજેલા શબ્દો સાર્થક જણાય છે : "ગુજરાતમાંથી કેવળ એક લેખક જ નથી ગયા, કેવળ એક પંડિત નથી ગયા, પણ વિદ્યાનો સાચો વ્યાસંગી, દરિયાનો સાચો આશક અને બે હજાર વર્ષથી ગુજરાતને એનું ગુજરાતીપણું આપનાર તથા સાત સમંદરમાં ગુજરાતીપણાનો નેજો ફરકતો રાખનાર એવી ખારવાઓની સાહસિક અને સાગરશૂર જમાતનો સાચો દોસ્ત ગયો છે."(૧૦)

'કુમાર' ના તત્કાલીન તંત્રી શ્રી રવિશંકર રાવળે સાચું જ કહ્યું છે કે, "ગુજરાત અને કદાચ ભારતની એ ખોટ તો વણપૂરી રાષ્ટ્રીય ખોટ રહેવાની."(૧૧)

પાદટીપ

૧. સુકાની' : દેવો ધાધલ, પૃ. ૧૧
૨. 'સુકાની' : દેવો ધાધલ, પૃ. ૨૨
૩. શબ્દને સથવારે પ્રભાશંકર ફડકે, પૃ. ૮૮
૪. 'સુકાની' : દેવો ધાધલ, પૃ. ૧૪
૫. ચન્દ્રશંકર અ. બુચ 'સુકાની', રાવળ, રવિશંકર, નવે. ૧૯૫૮, 'કુમાર' અંક-૪૧૯, પૃ. ૪૫૬
૬. 'સુકાની' : દેવો ધાધલ, પૃ. ૧૪
૭.'સુકાની' : દેવો ધાધલ, પૃ. ૧૧
૮. ડૉ. જયંત ખત્રીનો તા. ૧૦-૧૨-૧૯૫૫ નો પત્ર
૯. 'કુમાર'ના તંત્રી પરનો પત્ર, નવે-૧૯૫૮, અંક-૪૧૯, પૃ. ૪૨૦
૧૦. 'સુકાની' : દેવોધાધલ, પૃ.-૨૪
૧૧. ચન્દ્રશંકર અ. બુચ 'સુકાની', રાવળ, રવિશંકર, 'કુમાર' નવે. ૧૯૫૮, અંક-૪૧૯, પૃ. ૪૫૭

---

ડો. મેહુલ ડી. પટેલ
શ્રી ટી.એમ.એસ. ડી. મહિલા કોલેજ,
આદીપુર – ૯૪૦૮૨ ૮૩૯૮૩